ઉતાવળા વાલીઓ પાઠ્યપુસ્તકો ખરીદી પસ્તાયા

વિજ્ઞાન વિષયમાં સૌથી વધુ ચેપ્ટર રદ જિલ્લાના સ્ટેશનરી બજારમાં ઘરાકી

બાયડ, તા.૧૫

નવું શૈક્ષણિક સત્ર આગામી જૂન-૨૦૨૩થી શરુ થઈ રહ્યું છે ત્યારે અનેક વાલીઓએ પોતાના સંતાનોમાટે ધો. ૬ થી ૧૨ નાંપુસ્તકો ખરીદી ઉપલા વર્ગની તૈયારીઓ શરુ કરી પરંતુ એન.સી.ઈ.આર.ટી.એ ધો. ૬ થી ૧૨ના મુખ્ય વિષયોમાંથી અનેક ચેપ્ટર રદ કરતાં ઉતાવળા વાલીઓની હાલત કફોડી બની છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના સ્ટેશનરી બજારમાં સવારે અને સાંજે ઘરાકી જોવા મળી છે. જો કે સુધારેલાં નવાં પુસ્તકો તા.૫ જૂન પહેલાં બજારમાં આવવાની ધારણા છે. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા અપાતા પાઠ્યપુસ્તકોમાં જવલ્લે જ ફેરફાર થતો હતો. જેના કારણે ઉપલા વર્ગમાં જતા વિદ્યાર્થીઓ તેમનું મટીરીયલ્સ ઓળખીતા કે પછી મિત્રોને અભ્યાસ માટે આપી દેતા. કેટલાક વાલીઓ પોતાના સંતાનો બોર્ડ પરીક્ષા આપવાના હોવાથી ઉનાળુ વેકેશન શરુ થાય તે પહેલાં પાઠ્યપુસ્તકો ખરીદી સંતાનોના ટ્યુશન કલાસીસ શરુ કરાવ્યા. પરંતુ જી.સી.ઈ.આર.ટી. દ્વારા ધો. ૬ થી ૧૦માં ગણિત, વિજ્ઞાન અને ધો.૧૧-૧૨ માં ભૌતિક શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિત સહિતના વિષયોના પુસ્તકોમાંથી અનેક પ્રકારણો હટાવી દીધાં છે. જેના કારણે નવાં પાઠ્યપુસ્તકો આવ્યા પછી જ અભ્યાસક્રમ અંગે શિક્ષકો અને વિદ્યાર્થીઓને જાણકારી મળી રહે. ક્યારેક શિક્ષણમાં ઉતાવળ કરવા જતાં મુશ્કેલી પડે તે આનું નામ. જેતે ધોરણના વિષય શિક્ષકોના જણાવ્યા અનુસાર નવા પાઠ્યપુસ્તકોમાં અનેક પ્રકરણોમાં બદલાવ આવ્યો છે તો કેટલાક પ્રકરણો સંપૂર્ણપણે રદ કરવામાં આવ્યા છે. જો કે હજુ પાઠ્યપુસ્તકોમાં કયા પ્રકરણનો ફેરફાર થયો તેની વિધિવત જાણ જે તે શાળાઓને જિલ્લા કક્ષાએથી થઈ ન હોવાનું પણ જાણવા મળ્યું છે. નવા પ્રકરણો ઉમેરાશે તો શિક્ષકોને તાલીમ માટે જવું પડશે અને નવા સત્રના આરંભે અનેક શાળાઓમાં શિક્ષણ કાર્યને અસર થવાની પણ સંભાવના છે. આ સંજોગોમાં જો શિક્ષકોને નવા પ્રકરણ બાબતે શિક્ષિત કરવાના હોય તો તા.૫ જૂન પહેલાં તે અંગેના સેમીનારનું આયોજન કરવું રહ્યું. જાણવા મળ્યા મુજબ ધો.૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ ચેપ્ટર રદ થયાનું વિશ્વાસુ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

૪૩થી વધુ ચેપ્ટર રદ થયાં

ધોરણ	વિષય	કેટલાં ચેપ્ટર રદ
ધોરણ.૧૨	જીવવિજ્ઞાન	૨
ધોરણ.૧૨	રસાયણ વિજ્ઞાન	૭
ધોરણ.૧૧	જીવવિજ્ઞાન	૩
ધરોણ.૧૧	રસાયણવિજ્ઞાનૌ	૫
ધોરણ.૧૧	ગણિત	૨અને પ્રકરણ-૧૧ સંપૂર્ણ રદ
ધોરણ.૧૦	વિજ્ઞાન	૩
ધોરણ.૯	વિજ્ઞાન	૩
ધોરણ.૯	ગણિત	૩
ધોરણ.૮	વિજ્ઞાન	૫
ધોરણ.૭	વિજ્ઞાન	૫
ધોરણ.૬	વિજ્ઞાન	૫

દિપડા વસતી અંદાજ મેળવવા જતાં અનેક પ્રાણીઓની સંખ્યામાં વધારો દેખાયો

સાબરકાંઠાના ૮૧,૦૦૦ હેક્ટરમાં પથરાયેલા જંગલ વિસ્તારમાં દિપડાની સંખ્યામાં વધારા સાથેનો રિપોર્ટ વન વિભાગને મોકલાયો

૩૫ થી વધુ દિપડાની હાજરીના પુરાવા મળ્યાની સંભાવના

બાયડ, તા.૧૫

રાજ્યના વન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૫ થી ૭ મે.-૨૦૨૩ઉદરમ્યાન દિપડા વસતી અંદાજ માટેનું અભિયાન યોજાઈ ગયું. સાબરકાંઠા જિલ્લાના ૭ રેન્જમાં પથરાયેલ ૮૧,૦૦૦ હેક્ટર જંગલ વિસ્તારમાં વન વિભાગની ૧૨ ઉટીમ દ્વારા વસતી અંદાજ મેળવવામાં આવ્યા અને તેમાં પગમાર્ક, પદ ચિન્હો વગેરે મળેલી વિગતોના આધારે જિલ્લાના જંગલ વિસ્તારમાં કેટલા દિપડા અને અન્ય તૃણભક્ષી પ્રાણીઓ છે તેનો રિપોર્ટ વન વિભાગને મોકલવામાં આવ્યો છે અને ત્યાંથી સમગ્ર રાજ્યનો રિપોર્ટ સમાહના અંતમાં જાહેર થઈ શકે છે. સાબરકાંઠામાં દિપડાની વસતીમાં ત્રણ ગણો વધારો થયાની સંભાવના છે અને ૩૫ થી વધુ દિપડાની હાજરીના પુરાવા મળ્યાની સંભાવના છે. પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૧૬ પછી પ્રથમ વખત રાજ્યમાં એક સાથે એક જ દિવસે દિપડાની વસતી ગણતરીનું અભિયાન પુનમના અજવાળે કરવામાં આવ્યું. જિલ્લાના ધોલવાણી, ખેરોજ, પોશીના, ખેડબ્રહ્મા, રાયગઢ, પ્રાંતિજ સહિતની રેન્જમાં અધિકારીઓ અને કર્મચારીઓની ટીમને યોગ્ય સાધનો સાથે સંપન્ન કરીને મોકલવામાં આવી જ્યાં સળંગ ૩ દિવસ વોચ રાખીને દિપડા તેમજ અન્ય વન્ય પ્રાણીઓની વસતીનો અંદાજ મેળવવામાં આવ્યો જેમાં મુખ્યત્વે પ્રત્યક્ષ દેખાવ, પગમાર્ક, અવશેષ પદ્ધતિ મુજબ ગણતરી કરવાની હતી અને તેનું આયોજન અગાઉથી અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યું હતું. જો કે વસતી ગણતરીનું આ અભિયાન સફળ છે કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે પરંતુ જિલ્લાના જંગલ વિસ્તારોમાં દિપડાની સંખ્યા કેટલી હોઈ શકે તેનો નજીકનો અંદાજ આવી શકે. જિલ્લાના અનેક વિસ્તારોમાં દિપડાના પશુ મારણની ઘટનાઓ પ્રકાશમાં આવી છે તે જોતાં અનેક નર અને માદા દિપડાઓની હાજરી હોવાની સંભાવના છે અને વસતી ગણતરી દરમ્યાન તે વસતુ વન વિભાગના ધ્યાન ઉપર આવ્યાનું પણ જાણવા મળ્યું છે. દિપડા ઉપરાંત વાંદરા, માંકડાં, રીંછ, મોર, ચોસીંગા, ઉડતી ખિસ્કોલી, ગોરખોદીયું, જંગલી ભૂંડ, જંગલી બિલાડી, શાહૂડી, નિલગાય સહિતના વન્ય પ્રાણીઓની ગણતરીને આવરી લેવાઈ છે. અતિ દુર્લભ ગણાતી ઉડતી ખિસ્કોલીઓની પ્રજાતિઓ નષ્ટ થયાનું અનુમાન હતું પરંતુ વિજયનગરના જંગલ વિસ્તારમાં ઉડતી ખિસ્કોલીઓ દેખાતાં વન વિભાગના અધિકારીઓમાં એક નવી ઉર્જાનો સંચાર થયાનું પણ જાણવા મળ્યું છે અને કેટલાક વન્ય પ્રાણીઓના પગલાંની છાપ પણ સૂચવેલી ટેકનોલોજીની મદદથી મેળવી લેવામાં આવી છે.

રાજ્ય સરકારમાં રિપોર્ટ મોકલાયો - ડી.એફ.ઓ.

સાબરકાંઠા ડી.એફ.ઓ., એચ.જે.ઠક્કરે જણાવ્યું કે દિપડા સહિત વન્ય પ્રાણીઓની વસતી ગણતરી અંગેનાં પત્રકો સંપૂર્ણ ભરીને રાજ્યના વન વિભાગને મોકલી આપવામાં આવ્યાં છે. દિપડા સહિત અન્ય વન્ય પ્રાણીઓની સંખ્યામાં વધારો થયો છે.

પરીક્ષેત્ર વન અધિકારીઓએ રિપોર્ટ કર્યો

ગત તા.૫ થી ૭ મે. દરમ્યાન જંગલ વિસ્તારમાં દિપડા સહિત વન્ય પ્રાણીઓની ગણતરી કરવામાં આવી અને પરીક્ષેત્ર વન અધિકારીઓએ ફિલ્ડ ડાટાસીટ ભેગા કરવાની કામગીરી સાથે રિપોર્ટ કર્યો હતો અને વિભાગીય સંકલનકારને તા.૧૨ મે.ના રોજ રિપોર્ટ સુપ્રત કર્યો છે. જેથી આગામી ટૂંક સમયમાં જ જિલ્લામાં કેટલા દિપડા સહિત વન્ય પ્રાણીઓ છે તેનો રિપોર્ટ જાહેર થશે અને તેના ઉપર પ્રજાની પણ મીટ મંડાઈ છે.

તલોદ મઠ ખાતે ગામ ટોડાની મહાકાળી માતાજીનો ફોટો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

આ ફોટો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માં યજ્ઞ, શોભાયાત્રા, ફોટા પધરામણી જેવા ધાર્મિક પ્રસંગો યોજવામાં આવ્યા હતા અને સમસ્ત તલોદ મઠ ના ગ્રામજનો એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ભૂદેવો દ્વારા યજમાનો ની પૂજા વિધિ કરી વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય પ્રાંતિજ તલોદ ગજેન્દ્રસિંહ પરમાર, રંગુસિંહ સોલંકી, પાલિકા પ્રમુખ પ્રકાશસિંહ ઝાલા, ઉપ પ્રમુખ ઋતુલભાઈ પટેલ, સંગઠન પ્રમુખ દામોદર ભાઈ હાજર રહી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગ ને સફર બનાવવા માટે મહાકાળી યુવક મંડળ અને ગ્રામજનો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

પાલનપુરના ગઢ ગામમાં ગરમીના પ્રકોપને લઈને સૂકા વૃક્ષમાં આગ લાગી : યુવકે સળગતા ઝાડ પર ચડી આગ પર કાબૂ મેળવ્યો

પાલનપુર તા.૧૫

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસ થી આકાશ માંથી આગ ઝરતી ગરમી વરસી રહી હોય લોકો ગરમીના કહેર થી તોબા પોકારી ઉઠ્યા છે .જે વચ્ચે ગઢ ખાતે એક સૂકા વૃક્ષમાં એકા એક આગ ભભૂકી ઉઠતા લોકોમાં કુતુહલ સર્જાયું હતું જોકે એક યુવકે હિંમત દાખવી ઝાડ પર ચડી પાણી નો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠામાં હિટવેવ વચ્ચે પાલનપુર તાલુકાના ગઢ ગામે બસ સ્ટેન્ડ નજીક આવેલ જે.એન.ચેરીટેબલ હોસ્પિલમાં વિસ્તારમાં આવેલ એક સૂકા ઝાડની ટોચ પર એકા એક આગ ભભૂકી ઉઠતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. એમાં અહી રહેતા રોહિત પરબતજી ઠાકોર નામના યુવકે તેના પિતાની મદદ હિમંત દાવખી સૂકા ઝાડ પર ચડી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર મહામુસીબતે કાબૂ મેળવ્યો હતો . જોકે ઝાડ પર લાગેલી આગ બુઝાવવા માટે એક યુવકે સળગતા ઝાડ પર ચડવાની હિંમત દાખવતા લોકોએ આ યુવકની કામગીરી ને બિરદાવી હતી.

પાલનપુર નગર પાલિકામાં પ્રી - મોન્સુન પ્લાન ઘડવા બેઠક મળી

વરસાદની પરિસ્થિતિમાં પહોંચી વળવા આગોતરું આયોજન કરવા વિવિધ શાખામાં તાકીદ કરાઇ : ગટરની કુંડીઓ તેમજ નાળા ઓની પંદર દિવસમાં સફાઈ કરવા સુચના આપાઈ

પાલનપુર તા.૧૫

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુરમાં ચોમાસાની ઋતુમાં વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવા ની તેમજ વૃક્ષ ધરાશાઈ થવાની તેમજ વાવાઝોડા સમયે કોઈ હોનારત ન સર્જાય તેના આગોતરા આયોજન માટે ચીફ ઓફિસરના અધ્યક્ષ સ્થાને વિવિધ વિભાગના અધિકારી તેમજ કર્મચારીની પ્રિ - મોન્સુન બેઠક મળી હતી જેમાં જે તે વિભાગને તેમને લગતી કામગીરીનો સત્વરે પૂરી કરવા સૂચનાઓ આપવના આવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર નગપાલિકામાં ચીફ ઓફિસરના અધ્યક્ષ સ્થાને પ્રિ મોન્સુન પ્લાન ની બેઠક મળી હતી .જેમાં વાવાઝોડા અને વરસાદની પરિસ્થિતિમાં પહોંચી વળવા ફાયર શાખાને બુલેટ રીપેરીંગ કરાવી સ્ટેન્ડ બાય રહેવા તેમજ જે વિસ્તારોમાં પાણી ભરાય છે ત્યાં પંપ મૂકી પાણી ખેચવા,પાલીકાના બે જેસીબી ને સ્ટેન્ડ બાય રાખવા શહેરના જાહેર રોડ પર નડતર રૂપ વેસ્ટ મટીરીયલ પાંચ દિવસ માં ઉપાડી લેવા,પાલિકાના બે સેલ્ટર હાઉસ સોચાલયની તેમજ ગટર ની કુંડીઓ અને નાળા ઓની પંદર દિવસમાં સફાઈ કરવી, પાણીની પાઇપ અને વાલવ ના લીકેજ રિપેર કરવા,વૃક્ષ ધરાસયના બનાવો રોકવા રસ્તા પરના વૃક્ષ ટ્રીક્ટર થી કાપવા,ભય જનક હોર્ન્ડિંગ ઉતારી લેવા,આગામી તા.એક જૂન થી પાલિકામાં કન્ટ્રોલ રૂમ ચાલુ કરવા, દવાનો છંટકાવ કરવા સહિત તેર જેટલા મુદ્દા પર ચર્ચા કરી વિવિધ વિભાગોને ચોમાસા માં સ્ટેન્ડ બાય રહેવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં અને જેમને જે જવાબદારી સોંપવામાં આવી છે તેને ગંભીરતા પૂર્વક નિભાવવાની રહેશે જેમાં કોઈ અધિકારી કે કર્મચારી બેદરકારી કે મનસ્વી વર્તન દાખવશે ટી તેનું વિરૂદ્ધ ડિઝાસ્ટર એક્ટ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની તાકીદ કરાઈ છે.

મોડાસાની સર્વોદય હાઈસ્કૂલ ખાતે સમર આર્ટ કેમ્પ, વિદ્યાર્થીઓએ વેસ્ટ આઈટમ પર 'કળા કંડારી'

મોડાસા, તા. ૧૫

હાલ શાળાઓમાં ઉનાળું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે બાળકો માટે આર્ટ કેમ્પ યોજવામાં આવ્યો હતો.. અરવલ્લીના મોડાસાની શ્રી. સી. જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ ખાતે આર્ટ કેમ્પ વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવ્યો છે, જેમાં વિવિધ પેઈન્ટિંગ શિખવવામાં આવી રહી છે. આર્ટ કેમ્પમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા છે. વિદ્યાર્થીઓને શાળામાં પેન્સિલ સ્કેચિંગ, પેન્સિલ શેડિંગ, પોસ્ટર કલર પેઈન્ટિંગ, વરલી આર્ટ, બોટલ ડેકોરેશન, કેનવાસ પેઈન્ટિંગ ડેમો શિખવવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓએ વેસ્ટ ચીજવસ્તુઓ પર પેઈન્ટિંગ બનાવીને ઘરના સુશોભન માટેની આઈટમ તૈયાર કરી હતી. આર્ટ કેમ્પમાં મોડાસા શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ડ્રોઈંગ શિક્ષક કિરણ પૂજારા દ્વારા વિદ્યાર્થીઓને આર્ટની તાલિમ આપવામાં આવી રહી છે, જેથી વિદ્યાર્થીઓમાં રહેલી આર્ટ પ્રત્યેની કળા બહાર આવી શકે. મોડાસાની શ્રી. સી. જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ ખાતે આયોજિત કરાયેલા આર્ટ કેમ્પનું નિરીક્ષણ કરવા માટે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, શાળાના આચાર્યો સહિત શિક્ષકોએ પણ આર્ટ કેમ્પનું નિરીક્ષણ કર્યું હતું.

કર્ણાટકમાં કોંગ્રેસના ભવ્ય વિજયની મોડાસા-ભિલોડા સહીત જીલ્લામાં જશ્ન મનાવ્યો

મોડાસા, તા. ૧૫

કર્ણાટકનો ભવ્ય વિજય અરવલ્લી જીલ્લામાં મૃતપાય હાલતમાં રહેલી કોંગ્રસમાં જોશ ભરશે કે નહીં તે જોવું રહ્યું. ભાજપને બજરંગબલી ન ફળ્યા, કોંગ્રેસીઓએ બજરંગબલીનો જય જય જયકાર બોલાવ્યો. કમળ કરમાયું, કોંગ્રેસે ભાજપના વિજય રથને દક્ષિણમાં રોક્યો, કાર્યકરોએ ઝુમી ઉઠ્યા. કર્ણાટક રાજ્યમાં ભાજપના સુપડા સાફ થઈ ગયા છે ત્યારે કોંગ્રેસીઓએ કાર્યકર્તાઓને એક-બીજાનું મોં મીઠું કરાવી કર્ણાટકના વિજય રથને વધાવ્યો હતો.કર્ણાટક રાજ્યમાં વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળતા કોંગ્રેસી કાર્યકર્તાઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર જીલ્લા અને શહેર કોંગ્રેસના અગ્રણીઓ અને પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સહીત કાર્યકરોએ આતશબાજી કરી જશ્ન મનાવ્યો હતો. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા ભિલોડા તાલુકા મથકના મઉં ચાર રસ્તા પર કર્ણાટક રાજ્યમાં કોંગ્રેસની ભવ્યાતિભવ્ય જીતનો જશ્ન મનાવ્યો, કાર્યકર્તાઓએ મિઠાઈ વહેંચી, ફટાકડાની આતશબાજી કરાઈ હતી. કોંગ્રેસ સમિતિના આગેવાનો રાજેન્દ્રભાઈ પારધી, બલભદ્રસિંહ ચંપાવત, વનરાજસિંહ રાઠોડ, ડિમ્પલબેન ગુર્જર, અનિલભાઈ હડુલા, કાંતિભાઈ ખરાડી, જયેશભાઈ ઠાકોર, સતિષભાઈ તબીયાર, કાલીચરણ હોથા, ચંદ્રપાલસિંહ ચંપાવત, હર્ષદભાઈ ત્રિવેદી,ભરતભાઈ ત્રિવેદી, સતિષભાઈ પટેલ, ધાર્મિકભાઈ ચૌધરી, કંદર્પભાઈ પટેલ, કરણભાઈ મારીવાડ, સતિષભાઈ શાહ, ચંદનભાઈ ગામેતી સહિત કોંગ્રેસી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રિનિટી સ્કૂલ તલોદમા યોજાયેલ સમર કેમ્પનું સમાપન થયું

તલોદ, તા ૧૫

ટ્રિનિટી સ્કૂલ તલોદમાં તા:૧૦ એપ્રિલ થી ૧૪ એપ્રિલ એમ પાંચ દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામા આવ્યું હતું.આ કેમ્પમાં ૩ થી ૧૫ વર્ષના ૧૦૦ થી વધુ બાળકોને કલે મોડેલિંગ, ડ્રોઈંગ ક કલરીંગ,ગ્લાસ પેઈટીંગ,પેન્સિલ સ્કેચિંગ, ફ્લાવર મેકિંગ, ફિંગર રંગોળી, યોગા, કરાટે,અરોબીક્સ, કુકીંગ વિધાઉટ ફાયર, કર્સીવ રાઈટિંગ,ફન ટાઈમ વગેરે પ્રવુત્તિઓ શીખવવામાં આવી હતી.તેમજ પાંચ દિવસ દરમિયાન બાળકોને વ્યક્તિત્વ વિકાસના વિવિધ પાસાઓની સમજ આપવામા આવી હતી.આ કેમ્પમાં ઉપસ્થિત રહેનાર તમામ વિદ્યાર્થીઓને શાળા દ્વારા સર્ટિફિકેટ આપવામા આવ્યા હતા.શાળાના ટ્રસ્ટ્રીડો વસંત ભાઈ ધોળું અને ડો કિરીટ ભાઈ પટેલ તથા આચાર્ય અલ્પેશ ભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ સમરકેમ્પ સંયોજક રચના બેન ગાંધી અને શિક્ષકમિત્રોએ સુંદર કામગીરી કરી સમર કેમ્પને સફળ બનાવ્યો હતો.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં રાત્રી દરમ્યાન એક જ સમાજના બે જુથ વચ્ચે સામ-સામે પથ્થરમારો

સામ-સામે પથ્થરમારામા બે ને સામાન્ય ઈજાઓ : ગાળો બોલવાની ના પાડતા મામલો બિચક્યો હતો : પ્રાંતિજ પોલીસ દ્વારા કુલ પાંચ લોકો ની અટકાયત કરી

પ્રાંતિજ તા ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તાર માં રાત્રી દરમ્યાન નજીવી બાબતે એક સમાજ ના બે જુથ વચે સામ-સામે પથ્થર મારો થયો હતો જેમા પથ્થર મારામા બે લોકો ને સામાન્ય ઈજાઓ પોંહચી હતી

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમા રાત્રીના સમયે સબજેલ નજીક કાકા ભત્રીજા વચે વચ્ચોવચ કોઇ કારણોસર બોલાચી થતા બન્ને જણા સામસામે ગાળો બોલતા હોય ત્યા ગાળો બોલવાની ના પાડતા આખરે મામલો બિચક્યો હતો અને એકજ સમાજ ના બે જુથો સામ-સામે આવી ગયા હતા અને અંદરોઅંદર સામ-સામે રાત્રી દરમ્યાન છુટો પથ્થર મારો થયો હતો તો પથ્થર મારો થતા રાત્રી દરમ્યાન નાસભાગ મચી જવા પામી હતી તો પથ્થર મારા મા બે જેટલા લોકો ને સામાન્ય ઈજાઓ પોંહચી હતી તો પથ્થર મારા ના સમાચાર પ્રાંતિજ પોલીસ ને મળતા પ્રાંતિજ પોલીસ ની ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને આખોય મામલો શાન્ત પાડયો હતો અને નાનીભાગોળ વિસ્તાર મા પ્રાંતિજ પોલીસ દ્વારા પોલીસ નો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામા આવ્યો હતો તો પોલીસ દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામા આવી હતી જેમા જગાજી રાણાજી મકવાણા, સુરેશજી જગાજી મકવાણા, પ્રફુલ્લજી જીવાજી મકવાણા, આકાશજી મકવાણા, વિષ્ણુજી રમેશજી મકવાણા તમામે-તમામ રહે પ્રાંતિજ નાનીભાગોળ તા.પ્રાંતિજ જિ સાબરકાંઠા સહિત કુલ પાંચ લોકો ની પોલીસ દ્વારા અટકાયત પણ કરવામા આવી હતી.